સરકારને મળતી લોક ફરીયાદો અંગેનો
અહેવાલ સમય મર્યાદામાં મોકલી આપવા
બાબત.

ગુજરાત સરકાર,
પરિપત્ર ક્રમાંક:પસફ-૩૨૯૨-૧૭૮૪-ન,
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:- ૨૦-૫-૯૨

પરિપત્ર :
----

પોલીસ કાર્યવાહીને લગતી ફરીયાદો/રજુઆતોનો સામાન્ય રીતે સ્થાનિક પોલીસ અધિકારીઓએ નિકાલ કરવાનો હોય છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં અરજદારને સ્થાનિક પોલીસની કામગીરીથી સંતોષ નહીં થવાને કારણે અથવા કામગીરીમાં વિલંબ થવાને કારણે યોગ્ય ન્યાય મેળવવા માટે આવા અરજદારો સરકારમાં રજુઆતો કરતા હોય છે. આવી રજુઆતો અંગે અરજદારને યોગ્ય ન્યાય મળે તેવી કાર્યવાહી કરાવી કરેલ કાર્યવાહીનો અહેવાલ મોકલી આપવા સંબંધિત જીલ્લા પોલીસ અધિકારીશ્રી/પોલીસ કમિશનરશ્રીને ગૃહ વિભાગ તરફથી સૂચનાઓ આપવામાં આવે છે. પરંતુ અનુભવે જણાયુ છે કે ગૃહ વિભાગે માંગેલ અહેવાલ મોકલવામાં ઘણોજ વિલંબ થાય છે. સરકાર કક્ષાએ રજુઆત કરવા છતાં અરજદારની ફરીયાદ/ રજુઆતનો સમયસર નિકાલ ન થાય તે વહીવટી દૃષ્ટિએ ઘણી ગંભીર બાબત ગણાય. સરકાર કક્ષાએથી ઝડપી ન્યાય મળશે તેવી અપેક્ષા સાથે અરજદારે સરકારમાં રજુઆત કરી હોય આવી ફરીયાદોના નિકાલમાં વિલંબ થાય તો લોકોનો વહીવટ પરથી વિશ્વાસ ઘટતો જાય. આથી લોકોની ફરીયાદોનો યોગ્ય, ન્યાયપૂર્ણ અને સમય મર્યાદામાં આખરી નિકાલ થાય તેવો અભિગમ અપનાવવામાં આવે તેમ સરકાર ઇચ્છે છે. તેથી ગૃહ વિભાગ તરફથી લોકોની ફરીયાદો/રજુઆતો અંગે તપાસ કરાવી, યોગ્ય અને ઘટતી કાર્યવાહી કરી કરેલ કાર્યવાહીનો અહેવાલ મોકલી આપવા માટે જે સમય મર્યાદા જણાવવામાં આવી હોય તે

...૨...

સમય-મર્યાદામાં અને જો સમય-મર્યાદા જણાવવામાં ન આવી હોય તો પંદર દિવસમાં અહેવાલ અવશ્ય મોકલી આપવામાં આવે તે અંગેની કાળજી સંબંધિત જીલ્લા પોલીસ અધિકારીશ્રી/પોલીસ કમિશ્નરશ્રીએ લેવી જરુરી છે. જો નિયત સમય મર્યાદામાં અહેવાલ નહી મળે તો તે અંગેની વિગતો સંબંધિત વિભાગીય નાયબ મુખ્ય પોલીસ અધિકારી/પોલીસ મહાનિદેશકશ્રીના ધ્યાન પર મૂકવામાં આવશે અને અહેવાલ તેઓશ્રી પાસેથી મંગાવવામાં આવશે, આથી અહેવાલ મોકલવા સંબંધમાં વિભાગીય નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રી કે પોલીસ મહાનિદેશકશ્રીને લખવાની આવશ્યકતા ઉભી ન થાય તે માટે સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ/ પોલીસ કમિશ્નરશ્રીઓએ અંગત ધ્યાન આપવા વિનંતી.

૨. ઉપર્યુકત સૂચનાઓનો ચુસ્ત રીતે અમલ કરવા આથી સર્વે પોલીસ અધિકારીશ્રીઓને વિનંતી કરવામાં આવે છે. આ બાબતમાં જો કોઇ કક્ષાએ નિષ્કાળજી દેખાશે તો તેની ગંભીર નોંધ લેવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

(એમ. જી. ચૌહાણ)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

પોલીસ મહાનિદેશક અનેમુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય,અમદાવાદ.

વિશેષ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સી.આઇ.ડી.(ક્રાઇમ અને રેલ્વે) ગુજરાત રાજ્ય, અમદાવાદ.

સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ,
સર્વે વિભાગીય નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ,
સર્વે જીલ્લા પોલીસ અધિકારીશ્રીઓ,
વિભાગના સર્વે અધિકારીશ્રીઓ,
વિભાગની સર્વે શાખાઓ.

સગાડા/૧૮૫